અપીલ અરજી નં.૧૦૯ તા.૧૮–૭–૦૯/૧૦

અરજદારઃ– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહ્મભટ્ટ

સામાવાળાઃ–કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષયઃ***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટની તા.૧૬–૬–૦૯ ની અરજીથી ભેસ્તાન સિધ્ધાર્થનગરની સામે નહેરવાળો રોડ છેલ્લે રેલ્વે ટ્રેકની બાજુમાં મહાલક્ષ્મી તેમજ પ્રવિણ સોસાયટીઓનું હાલ પ્લોટનું બુકિંગ ચાલુ છે તેની તમામ કાયદેસરતા મુળ માલિકનું નામ હાલમાં બુકિંગ કરનાર બિલ્ડર તથા દલાલનું સરનામું તથા ફોન નંબર તથા પ્લોટનું બુકિંગ માટે પરવાની લીધી હોય તો તેની તથા હાલમાં ત્યાં પાર્ટીશનના કાચા કામના ૨૫ થી ૩૦ જેટલા જમીન પર પાટીશન કરેલ છે , જેની કોર્પોરેશન ધ્વારા પરવાનગી લીધેલ છે કે કેમ? વિગેરે માહિતી આપવા બાબત.

***સંદર્ભ***:–અરજદાર મજકુરની તા.૧૮–૭–'૦૯ ની અપીલ અરજી નં.૧૦૯/૨૦૦૯–૧૦

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટની તા.૧૬–૬–૦૯ ની અરજીથી ભેસ્તાન સિધ્ધાર્થનગરની સામે નહેરવાળો રોડ છેલ્લે રેલ્વે ટ્રેકની બાજુમાં મહાલક્ષ્મી તેમજ પ્રવિણ સોસાયટીઓનું હાલ પ્લોટનું બુકિંગ ચાલુ છે તેની તમામ કાયદેસરતા મુળ માલિકનું નામ હાલમાં બુકિંગ કરનાર બિલ્ડર તથા દલાલનું સરનામું અને ફોન નંબર તથા પ્લોટનું બુકિંગ માટે પરવાની લીધી હોય તો તેની તથા હાલમાં ત્યાં પાર્ટીશનના કાચા કામના ૨૫ થી ૩૦ જેટલા જમીન પર પાર્ટીશન કરેલ છે , જેની કોર્પોરેશન ધ્વારા પરવાનગી લીધેલ છે કે કેમ? વિગેરે માહિતી આપવા બાબતે કોઈ પ્રતિભાવ નહીં મળવાના કારણે એપેલેટ ઓફિસરને તા.૧૮–૭–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૨૭ તા.૨૪–૭–૦૯ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી આજ દિન સુધી અત્રેના વિભાગને કોઈ માહિતી મળેલ નથી.

અરજદારની તા.૧૬–૬–૦૯ ની અરજીથી અરજીથી મુદ્દા નં.(૧) ભેસ્તાન સિધ્ધાર્થનગરની સામે નહેરવાળો રોડ છેલ્લે રેલ્વે ટ્રેકની બાજુમાં મહાલક્ષ્મી તેમજ પ્રવિણ સોસાયટીઓનું હાલ પ્લોટનું બુકિંગ ચાલુ છે તેની તમામ કાયદેસરતા, મુળ માલિકનું નામ હાલમાં બુકિંગ કરનાર બિલ્ડર તથા દલાલનું સરનામું અને ફોન નંબર તથા પ્લોટનું બુકિંગ માટે પરવાની લીધી હોય તો તેની તથા હાલમાં ત્યાં પાર્ટીશનના કાચા કામના ૨૫ થી ૩૦ જેટલા જમીન પર પાર્ટીશન કરેલ છે , જેની કોર્પોરેશન ધ્વારા પરવાનગી લીધેલ છે કે કેમ? વિગેરેની તમામ વિગતો તથા મુદ્દા નં.(૨) હાલમાં પ્લોટનું બુકીંગ ચાલુ છે મુદ્દા નં.(૩) અન્ય વિગતો કાયદેસરતા, માલિક, દલાલો તથા એસએમસીની પરવાનગીની વિગતોની માહિતીની માંગણી કરવામાં આવેલ છે. જે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પૂરી પાડવામાં આવેલ નથી જણાતી નથી.

આરટીઆઈ એકટની કલમ ૨(એફ) અને ૨ (જે) હેઠળ જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૬–૬–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને પૂરી પાડવામાં આવેલ નથી. મુદ્દા નં.૧ થી ૩ અંગે હકીકતમાં દર્શાવેલ વિગતે નહીં પૂરી પાડેલ ઉપલબ્ધ દફતર અનુસાર હકીકતલક્ષી માહિતી આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮ – ૦૯

***ડે.કમિશનર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, (ઉધનાઝોન) ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ,